# Career Counselling and Development Centre

## SAURASHTRA UNIVERSITY

104, 1st Floor, Academic Centre, B/h. Central Bank of India.

Saurashtra University Campus, Rajkot-360 005

Ph. : 0281 - 2587144, ccdcsauni@yahoo.co.in

CCDC

Re-Accredited Grade B by N A A C (CGPA 2.93)

*Co-ordinator*

**Dr. Nikesh A. Shah**


**Ref. :**

**Date :** 19-05-2014

## પ્રેસનોટ

**કેરીયર કાઉન્સેલીગ સેલ (યુ.જી.સી.) અને કેરીયર કાઉન્સેલીગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (CCDC) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સંયુકત ઉપક્રમે.......કારકિર્દીલક્ષી "ડેવલપીંગ સોફ્ટ સ્કીલસ્" વિષયક ૧૫ દિવસીય કાર્યશાળા યોજાશે.... ૩૦ કલાકની તાલીમ અપાશે...૨૨ મી મે થી શરૂ કરાશે.....**

**કોમ્યુનીકેશન સ્કીલ, પોઝીટીવ લર્નીંગ એટીટયૂડ, પર્સનાલીટી ડેવલોપમેન્ટ, બોડી લેંન્ગવેજ, ટાઇમ મેનેજમેન્ટ, લીડર શીપ એન્ડ માર્કેટીંગ સ્કીલસ્, હાઉ ટુ ફેઇસ ઇન્ટરવ્યુ વિગેરે આવશ્યક કારકિર્દી લક્ષી આયામોની વિદ્યાર્થીઓને તાલીમનું આયોજન.....નવતર પ્રકલ્પ....**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું કેરીયર કાઉન્સેલીગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (CCDC) નાં માધ્યમથી યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો.એમ.કે.પાડલીયા નાં સીધા માર્ગદર્શન હેઠળ રોજગાર લક્ષી માર્ગદર્શન તથા તાલીમનું આયોજન અવારનવાર કરવામાં આવે છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે, UPSC/GPSC, બેંકીગ પ્રોબેશન ઓફીસર, સ્ટાફ સિલેકશન, ગુજરાત ગૌણ સેવા વિગેરેની તાલીમનાં વર્ગો રેગ્યુલર બેઈઝ પર ચાલી રહયા છે. ત્યારે સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિશ્રી દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તારના વિદ્યાર્થીઓને કારકીર્દીલક્ષી માર્ગદર્શન તથા સરકારી તેમજ બિનસરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ મલ્ટીનેશનલ કંપનીઓમાં વિદ્યાર્થીઓ રોજગાર પ્રાપ્ત કરી શકે તથા વિદ્યાર્થીઓનું કૌશલ્ય તથા વ્યકિતગત વિકાસમાં વિશ્વ વિદ્યાલય સક્રીય પ્રયત્નો કરે તે ઉદેશ સાથે સીસીડીસીના માધ્યમથી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ સાથે વિદ્યાર્થીઓના કૌશલ્યને વિકસીત કરવા વિવિધ પ્રકારની કાર્યશાળાઓમાં નિષ્ણાંતો મારફતે તાલીમ આપવાનાં પ્રકલ્પો શરૂ કરાયેલ છે. આજનાં સ્પર્ધાત્મક યુગમાં માત્ર સ્નાતક કે અનુસ્નાતક ઉપાધિ મેળવી લેવી પ્રર્યાપ્ત નથી સાથે સ્પર્ધાના આ યુગમાં Multi Dimentional Skills (વિવિધલક્ષી કુશળતા) તથા બૌધ્ધિક ચાતુર્યનો વ્યવહારિક ઉપયોગનું જ્ઞાન પણ રોજગારી માટે આવશ્યક છે ત્યારે સૌરાષ્ટ્ર ના યુવા વર્ગને આ માટે સજ્જ કરવા સૌરાષ્ટ્ર યુનિ. એ સીસીડીસીના માધ્યમથી વિવિધ પ્રકારની તાલીમો ના આયોજનો કરવાની યોજનાઓ બનાવેલ છે. તેના ભાગરૂપે તા. ૨૨-૫-૨૦૧૪, ગુરૂવારથી "ડેવલોપમેન્ટ સોફટ સ્કીલ્સ" વિષયક ૧૫ દિવીસીય કાર્યશાળાનું આયોજન કરાયેલ છે.

આ વિવિધલક્ષી કાર્યશાળામાં આજના સ્પર્ધાત્મક યુગમાં રોજગારી માટે જરૂરી આયામો જેવા કે પોઝીટીવ લર્નીગ એટીટયૂડ, ટાઈમ મેનેજમેન્ટ, કોમ્યુનિકેશન સ્કીલ (સ્પોકન ઈંગ્લીશ), પર્સનાલીટી ડેવલપમેન્ટ, બોડી લેન્ગવેજ, પ્રિપેરશન ફોર ઈન્ટરવ્યુ, ઈફેકટીવ પ્રેઝન્ટેશન, લીડરશીપ એન્ડ માર્કેટીંગ સ્કીલ્સ વગેરેની તાલીમ વિદ્યાર્થીઓને આપવામાં આવનાર છે. સીસીડીસી ના કો-ઓર્ડીનેટર ડો. નિકેશ એ. શાહે જણાવેલ કે તા. ૨૨-૫-૨૦૧૪ થી તા. ૭-૬-૨૦૧૪ થી ૧૫ દિવસીય કાર્યશાળામાં દરરોજ સવારે ૯ થી ૧૧ (૨ કલાક) યુનિ. કેમ્પસ ખાતે આ વિવિધલક્ષી કૌશલ્યનાં નિષ્ણાંત શ્રી પ્રહલાદભાઈ ગોહીલ દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવશે. વિદ્યાર્થીઓ વેકેશનનો સદઉપયોગ રોજગારલક્ષી કારકીર્દી ઘડતર અને વ્યકિતત્વ વિકાસના આયામોની તાલીમથી કરે તે અંગેનું વિશિષ્ટ આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યશાળામાં જોડાવા માટે વિદ્યાર્થીઓ તા. ૧૯-૫-૨૦૧૪ સુધીમાં અરજીપત્રક મેળવી અને ટોકન રજીસ્ટ્રેશન ફી સાથે જમા કરાવવાનું રહેશે. આ કાર્યશાળા અંગેની વધુ માહિતી માટે કેરીયર કાઉન્સેલીગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (CCDC) ૧૦૪, એકેડેમીક સેન્ટર, પહેલો માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ ફોન નં: ૦૨૮૧-૨૫૮૭૧૪૪ પર સંપર્ક કરવા વિનંતી.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.
આભાર સહ,

નિકેશ શાહ

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)